# ‘ઢ’ની લાયકાત

—ડૉ. કીર્તીભાઈ પરીખ

આજે મંગળવારે સવારના સાડાત્રણ વાગ્યા હતા અને હું જાગી ગયો હતો. મને રાતે ઉંઘ આવી નહોતી. મારા ખાસ મીત્ર અનીલભાઈ ન્યુઝીલેંડ ગયા હતા. ત્યાં અત્યારે સવારના નવેક વાગ્યા હશે. આજે અનીલભાઈ એમના દીકરાની ઑફીસે જવાના હતા અને ત્યાંથી પછી મને ફોન કરવાના હતા. અનીલભાઈનો દીકરો સંકેત ન્યુઝીલેન્ડ રહેતો હતો. આશરે ચારેક વરસ પહેલાં ગયો હશે ત્યાં. એક કંપનીમાં તે એક મેનેજર હતો.

અનીલભાઈનો સંકેત ભણવામાં તદ્દન ‘ઢ’ હતો. એ ત્યાં મેનેજર થઈ ગયો તે અમારે મન નવાઈ જેવું હતું. વાત માનવામાં ન આવે તેવી હતી. એ સાચું બોલતો હતો કે પછી ‘ગપ્પે ગપ્પે ચાર્યાશી’ એ વાતની ખરાઈ કરવી પડે તેમ હતું; એટલે જ તો અનીલભાઈએ ન્યુઝીલેન્ડ એની ઑફીસે જવાનું ગોઠવેલું.

સંકેતને અનીલભાઈએ નાનપણથી સારી અગ્રેજી નીશાળમાં મુકેલો; પણ તેનું મન ભણવામાં હતું જ નહીં. એ હમ્મેશાં વર્ગમાં છેલ્લો જ રહેતો. મેટ્રીક સુધી આવતામાં એને ફેં ફેં પડી ગઈ; છતાં એણે ચાર ટ્રાયલે મેટ્રીક તો પસાર કરી. એના એક શીક્ષક અમને ઓળખે. તેઓ હમ્મેશાં કહેતા કે, ‘ઢ છોકરાઓ તો ઘણાયે જોયા; પણ તમારો સંકેત તો એમાંયે ઈનામ લઈ જાય તેવો છે. એ આગળ જઈ કરશે શું?’ ગમે તેમ તોયે સંકેત કૉમર્સ સાથે બારમુંય પાસ કરી ગયો, જો કે ત્યાં સુધીમાં એની સાથેના વીદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થઈ ગયેલા; પણ અનીલભાઈનું દબાણ ઘણું એટલે એણે બી.કૉમ.માં પ્રવેશ લીધો. ધક્કા મારી મારીને એટીકેટી સાથે એ ત્રણને બદલે પાંચ વર્ષે બી.કૉમ થયો.

હવે નોકરીનો પ્રશ્ન આવ્યો! આને નોકરી કોણ આપે? એ ઘરે બેઠાં કમ્પ્યુટર શીખવા પ્રયત્ન કરી રહ્યો હતો. તેવામાં ખબર પડી કે ન્યુઝીલેન્ડમાં ડેરી ઉદ્યોગના અનુભવીઓની ભરતી કરવાના છે. એણે નજર દોડાવી, ખેડા જીલ્લામાંની એક ડેરીમાં નોકરી લીધી. થોડો વખત ગયોય ખરો અને પછી ન્યુઝીલેન્ડ લઈ જનાર એજન્ટનો સમ્પર્ક કરી ત્યાંના ‘વીઝા’ મેળવ્યા.

અમને બહુ નવાઈ લાગતી હતી કે એ ત્યાં જઈ કરશે શું? પણ એ તો ગયો! અને એક દેશી પરીવાર સાથે 'પેઈંગ ગેસ્ટ' તરીકે રહેવા પણ લાગ્યો! થોડા વખતમાં એક કારખાનામાં નોકરી પણ મળી ગઈ. થોડા થોડા દીવસે એના સમાચાર મળતા હતા. એ સ્થાયી થતો જતો હતો. ભાડે ઘર લીધું વગેરે.. ત્યાં ગયાને દોઢે વરસ થયું હશે, ત્યાં એકવાર એણે કહ્યુ કે, 'પપ્પા, મેં ગાડી ખરીદી છે!' અમે તો દંગ રહી ગયા! 'અલ્યા, સંકેતે ગાડી લીધી!' પછી એણે તો ગાડી સાથેના ફોટા પણ મોકલ્યા.

પછી તો એક પછી એક મોંઘી વસ્તુ ખરીદ્યાના સમાચાર આવતા ગયા. અમારી નવાઈનો પાર નહોતો. પણ એ તો કહેતો હતો કે એને નોકરીમાં બહુ સારું છે. ધીમે ધીમે જવાબદારી વધતી જાય છે એમ એ કહેતો હતો. અમારા માન્યામાં નહોતું આવતું કે એ નોકરીમાં શું કરતો હશે!

ન્યુઝીલેન્ડ ગયે એને સાડાત્રણ વર્ષ થયાં હશે કે એણે એકવાર કહ્યું કે, 'પપ્પા, હું ઑકલેન્ડમાં એક ઘર લઉં છું. અત્યારે સસ્તામાં સોદો પતે એમ છે. એટલે બીજે ફાંફાં મારવા કરતાં અહીં જ પતાવી દઉં છું. લત્તો પણ સારો છે, ઘર પણ મોટું અને સારી બાંધણીવાળું છે.'

અનીલભાઈને તો થયું, 'આ છોકરો ગપ્પાં નહીં મારતો હોય ને! હજી તો એને ગયે ત્રણ–સાડાત્રણ વર્ષ થયાં છે ને આ છોકરો કહે છે હું 'સુપરવાઈઝરમાંથી મનેજર' થવાનો છું અને ઘરનો સોદો કરું છું!'

એકવાર અનીલભાઈ મને કહે, 'આ સંકેત કોઈ અવળા માર્ગે કે ગેરકાયદેસર કામ તો નહીં કરતો હોય ને! એ તો તદ્દન 'ઢ' હતો અને હવે કંપનીનો મેનેજર થવાનો છે એવું બધું જણાવે છે!'

'તમારે એક વાર ત્યાં જઈને જોવું જોઈએ,' મેં કહ્યું.

'હા, મને પણ એવું જ લાગે છે. આપણને સારું લગાડવા એ ખોટા ધાપા ના મારતો હોય !'

જો કે અમારે બહુ રાહ ના જોવી પડી. સંકેતે જ એક વાર કહ્યું, 'પપ્પા, હવે હું કંપનીનો મેનેજર થઈ ગયો છું અને હવે મારો પગાર પણ વધ્યો છે. હવે મારી પાસે પૈસાની છુટ થઈ છે એટલે તમારી ટીકીટ મોકલીશ. તમે અહીં આવી, મારી સાથે એકાદ મહીનો રહો.' અનીલભાઈને તો 'ભાવતું હતુ ને વૈદે કહ્યું,' એમણે તરત હા પાડી. 'વીઝા' કઢાવ્યા અને પછી સંકેતે ટીકીટ મોકલી. જતાં પહેલાં અનીલભાઈ બહુ ગભરાતા હતા. 'આ છોકરો સાચું તો બોલતો હશે ને? આ ગાડી અને મકાનના ફોટા, આ બધું એનું જ હશે ને!'

ચાર દીવસ પહેલાં અનીલભાઈ ઑકલેન્ડ જવા ઉપડ્યા. ત્યાં પહોંચીને બે કલાકમાં જ મારા પર એમનો ફોન આવેલો : 'સુખરુપ પહોંચી ગયો છું. અરે દીલીપભાઈ, આ ગાડી અને ઘર, બધું છે તો એનું જ. ગાડી લઈ એ જ મને લેવા આવેલો અને ફોટામાં દેખાડેલું તે મકાનમાં જ લઈ આવ્યો છે.'

'એટલે એમ કે એટલું તો ખરું છે જ!' મેં કહ્યું.

જો કે હજીય તેમને સંકેત ફેક્ટરીનો મૅનેજર શી રીતે થઈ ગયો તે વાત સમજાતી નહોતી.

એનામાં એવી લાયકાત જ ક્યાં હતી? એ માંડમાંડ તો મેટ્રીક જેવી પરીક્ષા પસાર કરતો હતો. એટલે જ અનીલભાઈને તો ફેક્ટરી જોવી હતી. ત્યાંના ઉપરીને મળવુ હતું. મંગળવારે ફેક્ટરી જવાનું ગોઠવાયેલું. આજે એ મંગળવાર હતો.

અનીલભાઈના ફોનની રાહ જોતો હતો ત્યાં જ ફોનની ઘંટડી વાગી. મેં ઉત્સાહભેર ફોન લીધો. સામે છેડે અનીલભાઈ હતા. એમના અવાજમાંયે ઉશ્કેરાટ હતો. એ કહેવા લાગ્યા, 'દીલીપભાઈ, આજે હું સંકેતની સાથે એની ફેક્ટરી પર ગયેલો. બહુ મોટી ફેક્ટરી નથી. ત્રીસ–બત્રીસ કારીગરો કામ કરે છે. એના માલીકને પણ મળ્યો. બહુ આનન્દ થયો.'

'તમે એના શેઠ જોડે વાતચીત કરી? શું કહ્યું તેમણે?' મેં પુછ્યું.

'હા, મેં એમને પુછ્યું કે અમારો સંકેત કેવોક સેટ થયો છે? એની પ્રગતી કેવી છે?'

તો શેઠ કહે, 'બહુ જ સરસ પ્રગતી છે એની. સાડાત્રણ વરસમાં 'મજુર'માંથી 'મેનેજર' બની ગયો છે.'

એટલે મેં કહ્યું, 'હેં સાહેબ, અમારો સંકેત તો ભણવામાં તદ્દન કાચો હતો. માંડમાંડ પરીક્ષાઓ પાસ કરતો હતો. તમે એનામાં શુ જોયું કે એને એમ મેનેજર બનાવી દીધો? તમે આટલો પગાર બાંધી આપ્યો. અમને તો એની સફળતાની નવાઈ લાગે છે!'

એના અંગ્રેજ માલીકે મને જે જવાબ આપ્યો તેણે મને વીચારતો કરી દીધો. મને થાય, આપણે સંકેતને મુલવવામાં ખોટા પડ્યા.

એ કહે, 'તમે તમારા દીકરામાં ફક્ત ભણવાની તાકાત કે રસ જોતા હતા; પણ બીજી ઘણી લાયકાત છે આ છોકરામાં. તમે તે તરફ ધ્યાન જ નહોતું આપ્યું.

'એક તો તમારો દીકરો બહુ જ પ્રામાણીક છે. અમે હજારો ડૉલરની પરચેઝ–ખરીદી કરવા મોકલીએ છીએ અને તે એક પણ ડૉલરની ગેરરીતી કરતો નથી.

‘બીજું, તમારો દીકરો બહુ જ મહેનતુ છે. અહીં ફેક્ટરીમાં મોડે સુધી કામ કરતો હોય છે. ઘણી વાર ઓવરટાઈમનો પગાર પણ લેતો નથી. કહે છે : ‘ઘરે જઈને તો સુઈ જ જવાનું છે ને!’

‘ત્રીજું, એ બહુ વીનયી છે. અમારી ફેક્ટરીમાં સહુ સાથે હળીમળીને રહે છે. કોઈ સાથે એને ક્યારેય અણબનાવ થયો નથી. વળી, એ બહુ જ સાચાબોલો છે.

‘એક વાર એણે રજા લીધેલી. અમે પુછ્યું : ‘કેમ?’ તો કહે ‘ભારત–પાકીસ્તાનની ક્રીકેટ મેચ છે. તે ઘરે બેસીને જોવી છે.’

તો બોલો, આવો પ્રામાણીક, મહેનતુ, વીનયી અને સાચાબોલો છોકરો પ્રગતી કરે કે ન કરે?’

અનીલભાઈ કહે, ‘અંગ્રેજ માલીકની વાત પરથી મને લાગ્યું કે આપણે અને એના માસ્તર એને સમજવામાં નપાસ થયા છે. આ અંગ્રેજે આપણને માણસને ઓળવાની ખરી દીશા દેખાડી છે.’

–ડૉ. કીર્તીભાઈ પરીખ

માર્ચ, 2018ના ‘**અખંડ આનન્દ**’ના અંકના પાન 33 ઉપરથી, લેખકની અનુમતી અને ‘અખંડ આનન્દ’ માસીકના સૌજન્યથી સાભાર..

‘અખંડ આનન્દ’ના જુના અંકો મોકલવા બદલ કામરેજના ‘ડૉ. બળદેવ ભક્ત’નો ખુબ આભાર.. ..ઉત્તમ.મધુ ગજ્જર..

સર્જકસમ્પર્ક:

–ડૉ. કીર્તીભાઈ હ. પરીખ

36/2, વલ્લભ વાટીકા, પુનમ કૉમ્પ્લેક્સ પાછળ, વાઘોડીયા રોડ, વડોદરા-390 019

Phone : 0265-251 1135 Mobile : 990 407 1925 eMail : drkirtiparikh@yahoo.co.in

♦●♦

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,62,79,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,25,96,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,75,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,07,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ–જીવનપોષક કૃતીઓ
વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી, સરનામું, કૉન્ટેક્ટ નંબર..
વગેરે માહીતી લખી અમને ઈ.મેલ લખજો..
તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ', દર પંદર દીવસે એક મેલ સાથે
આમ પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને
–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@